# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૦૬.૨૮
સૂર્યાસ્ત : ૦૭.૦૧

## તાપમાન

મહત્તમ : ૩૯.૮ ડિ.સે.
લઘુત્તમ : ૨૧.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૫૭ ટકા ● સાંજે ૨૬ ટકા

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧ :** હાઉસ ફૂલ ૨ :૧૨.૩૦,૩.૩૦,૬.૩૦,૯.૩૦
**સ્ક્રીન-૨ :** હાઉસ ફૂલ ૨ :૧૦.૦૦,૧.૩૦, ૪.૩૦, ૭.૩૦,૧૦.૩૦
**સ્ક્રીન-૩ :**હાઉસ ફૂલ ૨ :૧૧.૧૫,૨.૩૦,૧૦.૩૦
એજન્ટ વિનોદ : ૫.૩૦
બ્લડ મની : ૮.૩૦
**સ્ક્રીન-૪ :** હાઉસ ફૂલ ૨ : ૧૦.૦૦, ૧૦.૩૦
બ્લડ મની : ૧૨.૧૫, ૫.૧૫
એજન્ટ વિનોદ : ૨.૧૫, ૭.૩૦

**સિને મેક્સ**

**સ્ક્રીન-૧ :** ટાઈટેનીક ૩-ડી(હિન્દી) :૮.૩૦, ૨.૦૦, ૫.૩૦, ૯. ૩૦
વર્થ ઓફ ધ ટાઈટન્સ- ૩ડી(હિન્દી) : ૧૨.૦૦
**સ્ક્રીન-૨ :** હાઉસ ફૂલ ૨: ૯.૧૫, ૧૨.૧૫, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦
**સ્ક્રીન-૩ :**હાઉસ ફૂલ ૨ : ૮.૧૫, ૧૧.૧૫, ૫.૪૫, ૯.૦૦
કહાની : ૨.૩૦
**સ્ક્રીન-૪ :** હાઉસ ફૂલ ૨ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૧૫, ૭.૩૦
કહાની : ૧૦.૩૦

**સૂર્યા, વાવોલ**

હાઉસ ફુલ ૨ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
મમી સિંદબાદ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

**ટાઉન હોલ**

- આજે રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ હસ્તકની ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગર દ્વારા "લવ યુ જિંદગી" રાજ્ય ત્રિઅંકી નાટક સ્પર્ધામાં પ્રથમ વિજેતા ગુજરાતી નાટક રાત્રે ૯.૦૦ કલાકે

## આપની આજ

\- કિશોર ત્રિવેદી

**મેષ :** આર્થિક સમસ્યાનો ઉકેલ -કાર્ય સિધ્ધિ અને મનોકામના પૂર્ણ થતી જણાય. કુટુંબીજનો સાથે યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકે છે.

**વૃષભ :** કૌટુંબીજ પ્રશ્નોનું નિરાકરણ થઈ શકે છે. કોર્ટ- કચેરીમાં અટવાયેલા પ્રશ્નો નિરાકરણ આવી શકે છે. વેપાર ક્ષેત્રે નવા રોકાણો થઈ શકે છે.

**મિથુન :** આરોગ્યની સુખાકારી તથા સમૃધ્ધિ પ્રાપ્ત કરવાની તક મળી શકે છે. વાહન ચલાવતા સાચવવું. માનસિક ચિંતાહળવી બનતી જણાય. સમય સાનુકૂળ

**કર્ક :** નોકરી -વેપાર અર્થે થયેલ પ્રવાસ લાભદાયી નીવડી શકે છે. સામાજિક પ્રશ્નોના બંધનોથી મુકતતા મળે. રોકાયેલા નાણાં પરત મળી શકે છે.

**સિંહ :** વારસાગત મિલકતના પ્રશ્નોનો ઉકેલ આવી શકે છે. વડીલો તથા ઉપલા વર્ગના અધિકારીઓ દ્વારા મળેલ માર્ગદર્શન લાભદાયી બની શકે છે. સમય શુભ.

**કન્યા :** આવક કરતાં જાવક ન વધે તેની કાળજી રાખવી. સામાજિક જવાબદારીમાં વધારો થઈ શકે છે. વાહન ચલાવવામાં કાળજી રાખવી.

**તુલા :** ભાગ્યોદયનો સાથ મળી શકે છે. નોકરીયાત વર્ગને પદ - પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે. આર્થિક સ્થિતિમાં સુધારો થઈ શકે છે.

**વૃશ્ચિક :** રાજકીય ક્ષેત્રે પદ- પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે. વેપાર ક્ષેત્રે નવા રોકાણો થઈ શકે છે. શેર- સટ્ટામાં કાળજી રાખવી. માનસિક ચિંતા હળવી બનતી જણાય.

**ધન :** માનસિક ચિંતામાં ઘટાડો થઈ શકે છે. સંતાન સંબંધિત પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે. આવક કરતાં જાવક ન વધે તેની કાળજી રાખવી.

**મકર :** ભૌતિક સુખ- સુવિધામાં વધારો થઈ શકે છે. લગ્નત્સુકોને યોગ્ય જીવનસાથીની પસંદગી થઈ શકે છે. શેર- સટ્ટામાં સાચવવું.

**કુંભ :** આકસ્મિક ધન લાભ થઈ શકે છે. સ્પર્ધાત્મક બાબતોમાં સફળતા મળી શકે છે. કૌટુંબિક જવાબદારીમાં વધારો થઈ શકે છે. વેપાર ક્ષેત્રે ભાગીદારીમાં સંભાળવું.

**મીન :** આરોગ્યની કાળજી રાખવી. વડીલો તથા ઉપરી વર્ગના અધિકારીઓ દ્વારા મળેલ માર્ગદર્શન લાભદાયી નીવડી શકે છે. સમય સાનુકૂળ

## ચિરવિદાય

- સ્વ.મંજુબેન રમેશ રાય(ઉ.વ. ૩૨ ) મુ.પો. વાવોલ, તા., જિ. ગાંધીનગર
- સ્વ. બાબુલાલ કેશવલાલ સુથાર (ઉ.વ. ૭૫ ) પ્લોટ નં. ૧૦૭૨, સેક્ટર- ૮, ગાંધીનગર

# ગાંધીનગર જિલ્લા રોજગાર કચેરી દ્વારા નવ ઔદ્યોગિક ભરતી મેળા યોજી ૨૩૦૦ યુવાઓને રોજગારી અપાઈ

ગાંધીનગર, તા. ૧૧

સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણી -સંગે ગુજરાતની યુવા શકિતને રોજગારી અપાવવાના શુભ આશયથી સમગ્ર રાજયમાં તા. ૧૫ નવેમ્બર- ૨૦૧૧થી ઔદ્યોગિક ભરતી મેળાની એક ઝુંબેશ શરૂ કરવામાં આવી હતી. જે અંતર્ગત ગાંધીનગર જિલ્લા રોજગાર કચેરી દ્વારા કુલ નવ ઔદ્યોગિક ભરતી મેળાઓનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં કુલ ૨૩૦૦ યુવાઓને રોજગારી આપવામાં આવી છે. જેમને તા. ૧૨મી એપ્રિલ- ૨૦૧૨ના રોજ અમદાવાદ ખાતે યોજાનાર રોજગાર પત્રો એનાયત કરવાના સમારોહમાં રાજયના મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે રોજગારી પત્રો એનાયત કરવામાં આવશે.

ગાંધીનગર જિલ્લા રોજગાર કચેરી દ્વારા યુવા વર્ગને રોજગારી આપવાના ઉમદા આશયથી તા.૨૩ થી તા. ૩૦મી માર્ચ દરમ્યાન સ્વામી વિવેકાનંદ રોજગારી ભરતી સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું હતું તે ઉપરાંત નવેમ્બર-૨૦૧૧માં ત્રણ ભરતી મેળાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ભરતી મેળામાં ઉપસ્થિત રહેવા માટે ધોરણ-૧૨ પાસ, કોમ્પ્યુટર જાણકાર અને આઈટીઆઈ કરેલા કુલ-૪૫૨૦ નોકરી વાંચ્છુક ઉમેદવારોને -ચાર પત્રિકાથી જાણ કરવામાં આવી હતી.

જેમાંથી કુલ-૩૪૯૦ ઉમેદવાર ઉપસ્થિત રહયાં હતા. કલોલ, છત્રાલ, દહેગામ, માણસા, સેકટર-૨૮ અને સેકટર-૨૫ જીઆઈડીસીમાં ૩૮૯૦ જીગ્યા માટે ભરતી મેળા યોજાયા હતા. જેમાં કુલ ૪૯ નોકરી દાતાશ્રીઓ ઉપસ્થિત રહયાં હતાં. આ નોકરી દાતાઓ દ્વારા કુલ ૨૩૦૦ યુવાઓની સુપરવાઈઝર, મશીન ઓપરેટર, કસ્ટમર કેર એકઝીકયુટીવ અને લેબર જેવી જગ્યાઓ માટે પસંદગી કરવામાં આવી છે.

# વનશ્રી ટ્રસ્ટે આર સી પટેલ સ્કૂલના બાળકોને ૫૦ પક્ષી પરબડી વહેંચી

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરમાં વનશ્રી ટ્રસ્ટ પર્યાવરણ સંવર્ધનના સતત કાર્યક્રમો યોજતું રહે છે તેના ભાગરૂપે ઉનાળાની કાળઝાળ ગરમીમાં પક્ષીઓને પીવાનું પાણી મળી રહે તેવા ઉમદા આશયથી વનશ્રી ટ્રસ્ટ દ્વારા ચલાવાતા ઈકો કલબના બાળકોને ૫૦ પક્ષી પરબ વહેંચી હતી તથા આગામી દિવસોમાં ૨૦૦૦ પક્ષી પરબડી વહેંચવાનું આયોજન કરવામાં આવ્યું છે.

વનશ્રી ટ્રસ્ટ દ્વારા ચલાવવામાં આવતી ઈકો કલબ મારફતે આ.સી. પટેલ સ્કૂલના ૫૦ બાળકોને પક્ષી પરબનું તાજેતરમાં વિતરણ કરવામાં આવ્યું હતું. શાળાના હિતેન્દ્રભાઈ પટેલ, રમાબેન પટેલે સમગ્ર કાર્યમાં ભારે જહેમત ઉઠાવી હતી. શાળાના આચાર્ય ચીનુભાઈ પટેલ અને ચૈતન્ય નિમાવત દ્વારા જરુરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. નિલમ મચ્છાર અને મહાવીર નિમાવત દ્વારા સમગ્ર સંચાલન કરવામાં આવ્યું હતું.

# સેક્ટર-૩નું સરકારી દવાખાનું ચાલુ કરવા ઉગ્ર માંગ

ગાંધીનગર, તા. ૧૧

સેકટર-૩-ડી, વસાહત મંડળની બેઠક તાજેતરમાં મળી હતી. જેમાં વસાહત મંડળના પ્રમુખ તરીકે રાજેશ ભટ્ટ, ઉપપ્રમુખ તરીકે બીપીનભાઈ પંડ્યા, વિરસિંહ મકવાણા, મહામંત્રી તરીકે નરસિંહ પરમાર અને ખજાનચી તરીકે ગુણવંતલાલ સોનીની વરણી કરવામાં આવી હતી. કારોબારી સભ્યોમાં મણીલાલ ચૌહાણ, પ્રશાંત મહેતા, પી.એસ. પટેલ અને કે.ડી. વણઝારાની સર્વાનુમતે વરણી કરી હતી.

સામાન્ય સભાની બેઠકમાં સેક્ટર-૩-ડીના બગીચામાં બંધ પડેલી સોલર લાઈટ તથા સેક્ટર-૩-ડીના દવાખાનાને ચાલુ કરવા રહીશોએ માંગ કરી છે.

ગાંધીનગરના સેકટર-૩-ડીના બગીચામાં છેલ્લા બે વર્ષથી સોલર લાઈટો બંધ પડી છે તથા સરકારી દવાખાનાનો ઉપયોગ ગોડાઉન તરીકે થઈ રહ્યો છે. જે બાબતે તંત્ર સજાગ થાય અને યોગ્ય કામગીરી પ્રારંભે તેવું સ્થાનિકજનો ઈચ્છી રહ્યા છે.

# ગેસ્ટહાઉસમાં સગીરાને કેફી પદાર્થ ખવડાવી યુવાને હવસ સંતોષી !!

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર નજીકના એક ગેસ્ટહાઉસમાં જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં રહેતી એક સગીરાને કેફી પદાર્થ ખવડાવી યુવાને બળાત્કાર ગુજાર્યો હોવાની ફરિયાદ ઉઠવા પામી છે. સે. ૭ પોલીસે હવસનો શિકાર બનેલી સગીરાના માતાની ફરિયાદ સંદર્ભે આરોપીને ઝડપી લેવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

ગત તા. ૯ એપ્રિલના રોજ ગાંધીનગર નજીકના એક ગામમાં રહેતી સગીરા પથિકાશ્રમ પાસે ઉભી હતી. આ વેળાએ એક યુવાન ત્યાં આવ્યો હતો. પરિચિત યુવાન સગીરાને રીક્ષામાં બેસાડી ગાંધીનગર નજીકના ગેસ્ટહાઉસમાં લઈ ગયો હતો. મેલા ઈરાદા સાથે આવેલા યુવાને સગીરાને ગેસ્ટહાઉસમાં કેફી પદાર્થ ખવડાવી બેભાન કરી દીધી હતી. જ્યારે સગીરાને કેફી પદાર્થ ખવડાવ્યા બાદ હવસખોર યુવાને પોતાનો મલિન ઈરાદો પાર પાડ્યો હતો. યુવાને પોતાની હવસ સંતોષી લીધા બાદ કેફી પદાર્થની અસર ઓછી થતા ભાનમાં આવેલી સગીરાને હકીકતનો ખ્યાલ આવતા પોતાનું સર્વસ્વ લુંટાઈ ગયું હોવાનો અહેસાસ થયો હતો. આ વેળાએ સગીરાનો મિજાજ પારખી યુવાન સ્થળ પરથી રફુચક્કર થઈ ગયો હતો. ગેસ્ટહાઉસ નીચે ઉભેલી ભોગ બનનાર સગીરાને કોઈ મહિલા તેના ઘરે લઈ ગઈ હતી. સગીરાને તેની માતાને સોંપી દીધી હતી. જ્યારે સગીરાની માતાને સઘળી હકીકતનો ખ્યાલ આવતા તેની પર આભ ફાટી ગયું હતું. તુરંત જ તેમણે આ અંગે સે. ૭ પોલીસનો સંપર્ક કર્યો હતો. સે. ૭ પોલીસ સ્ટેશનના સેકન્ડ પી.આઈ. એસ. ડી. પટેલે યુવાનનો પત્તો મેળવવા શોધખોળ હાથ ધરી છે.

# દિવ્ય જીવન સંઘે પ્રથમ ક્ષેત્રીય જાહેર સત્સંગ યોજ્યું

ગાંધીનગર, તા. ૧૧

દિવ્ય જીવન સંઘ, ગાંધીનગર શાખાનો સન ૨૦૧૨-૧૩નો પ્રથમ ક્ષેત્રીય જાહેર સત્સંગ ગાંધીનગર સેક્ટર-૧૯માં ડૉ. પ્રવિણભાઈ ઓઝાને ત્યાં યોજાઈ ગયો.

મીનળબેન ઓઝાના પરમ પૂજ્ય પિતાજી સદ્‌ગત માર્કંડરાય મહેતાની પાવન સ્મૃતિમાં યોજાયેલા આ ભજન સત્સંગમાં શ્રી અને શ્રીમતી ખારોડ અને કેશુભાઈ દેસાઈ, જયોતિબેન થાનકી, નિલમબેન કામદાર, જે.કે. ભટ્ટ અને માલતીબેન ભટ્ટ વગેરેએ સક્રિય ભાગ લઈને સત્સંગને ઝળહળતી સફળતા અપાવી હતી. ગાંધીનગરના નવોદિત કવિ ભરતભાઈ પાઠકે કચ્છી દુહા અને છંદોનું રસપાન કરાવી સૌને ભાવવિભોર કર્યા હતા, યજમાન તરફથી અલ્પાહાર સાથે સૌનો ભાવભીનો સત્કાર કરવામાં આવ્યો હતો.

આધ્યાત્મની અવનવી વાતોથી સત્સંગ ખાસ આકર્ષિત બન્યો હતો.

સાહિત્ય પ્રસાદ અને ઉત્તર પ્રાર્થના સાથે સત્સંગનું સમાપન થયું હતું.

# આજે ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા યુવા ગૌરવ પુરસ્કાર અર્પણ સમારંભ યોજાશે

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર હર્ષદ ત્રિવેદી એક અખબારી યાદીમાં જણાવે છે કે, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ હેઠળની ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા ગુજરાતી ભાષાના એક યુવા સાહિત્યકારને પ્રતિવર્ષ રૂ. ૫૦,૦૦૦, શાલ અને સન્માન પ્રતીકથી યુવા ગૌરવ પુરસ્કાર અર્પણ કરવામાં આવે છે.

ચાલુ વર્ષે વર્ષ-૨૦૧૧ માટે જાણીતા યુવા સાહિત્યકાર અંકિત ત્રિવેદીને આ યુવા ગૌરવ પુરસ્કાર ગુજરાત રાજ્યના મંત્રી ફકીરભાઈ વાઘેલાના વરદહસ્તે અર્પણ કરવાનો સમારંભ આજે તા. ૧૨ એપ્રિલ- ૨૦૧૨ના રોજ ઠાકોરભાઈ દેસાઈ હોલ, લૉ ગાર્ડન પાસે, અમદાવાદમાં સાંજે ૬,૩૦ કલાકે યોજવામાં આવ્યો છે. આ સમારંભમાં અતિથિવિશેષ તરીકે એલિસબ્રિજ વિસ્તારના ધારાસભ્ય રાકેશ શાહ અને મેયર અસિત વોરા ઉપસ્થિત રહેશે. તેમજ જાણીતા સાહિત્યકાર ડૉ. સુરેશ દલાલ, અંકિત ત્રિવેદીના સાહિત્યિક પ્રદાન વિશે વક્તવ્ય આપશે. આ સમારંભમાં સાહિત્ય રસિક જનતાને પધારવા ખાસ જણાવાયું છે.

## શ્રી પુનિતધામ જૈન તીર્થમાં આરાધકોના પારણાંનો કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧૧

પુનિરધામ જૈન તીર્થ ગ્રામભારતીમાં શ્રી સીમંધર સ્વામી જિનાલય તૃતિય વર્ષ ગાંઠ યોજાશે. મહોત્સવનો પ્રારંભ ચૈત્ર વદ-૧૩ને તારીખ ૧૯મી એપ્રિલ ૨૦૧૨ને ગુરુવારના રોજ યોજવામાં આવશે. આ પ્રસંગમાં જે ૧૨૧થી અધિક વર્ષી તપના આરાધકોના પારણાનો પ્રસંગ વૈશાખ સુદ- ૩ ને તા. ૨૪મી એપ્રિલ ૨૦૧૨ના રોજ યોજાશે. તેમજ ધજા આરોહણ વૈશાખ સુદ-૬ તા. ૨૭મી એપ્રિલ ૨૦૧૨ને શુક્રવારના રોજ કરવામાં આવનાર છે.

## વણકર સમાજ દ્વારા તાલીમ વર્ગ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર વણકર સમાજ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષા માટેના તાલીમવર્ગ ૧૮ માર્ચથી શરૂ કરવામાં આવેલ છે. અને આ તાલીમવર્ગ હજુ એક માસ ચાલવાના છે. જે ભાઈ- બહેનો તેમાં જોડાવવા માંગતા હોય તેમને શ્રી કિશોરભાઈ પરમાર અથવા પ્લોટ નં. ૧૩૧૮/૨, સેક્ટર- ૭/ડી, માં સંપર્ક કરવા જણાવવામાં આવ્યું છે.

## વણકર સમાજ દ્વારા રાજકુમાર મકવાણાનું બહુમાન કરાયું

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરના રાજકુમાર આર. મકવાણા આસીસ્ટન્ટ કમિશનર ઈન્કમટેક્ષ તરીકે બઢતી મેળવતાં ગાંધીનગર વણકર સમાજ દ્વારા ૧૦મી એપ્રિલના રોજ તેમનું બહુમાન કરવામાં આવ્યું હતું. તેઓ ઉત્તરોતર પ્રગતિ કરે તેવી હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. આ પ્રસંગે સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી શંકરલાલ જે. રાઠોડ, સંસ્થાના પદાધિકારીઓ રાજકુમાર મકવાણાના કુટુંબીજનો ઉપસ્થિત રહ્યા હતા.

## સાહસિક પગપાળા વન વિસ્તાર પરિભ્રમણમાં ભાગ લેવા બાબત

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાત રાજ્યના ૧૫ થી ૩૫ વર્ષની વય મર્યાદાવાળા વિદ્યાર્થી, બિન વિદ્યાર્થી યુવક- યુવતિઓને વન વિસ્તાર પરિભ્રમણનો ૧૦ દિવસનો કાર્યક્રમ મે મહિનામાં યોજાનાર છે. આ કાર્યક્રમમાં ૧૦૦ યુવક યુવતિઓને તક આપવામાં આવશે. જે યુવક- યુવતિઓની તા. ૩૧-૧૨-૨૦૧૧ના રોજ ૧૫ થી ૩૫ વર્ષ વય મર્યાદા હોય તેઓએ પોતાની અરજી જિલ્લા રમત -ગમત અધિકારીશ્રીની કચેરી, સર્વોદય સર્જિકલ હોસ્પિટલ કંપાઉન્ડ, પેલેસ રોડ, સ્ટેટ હાઈવે, હિંમતનગર, જિ. સાબરકાંઠાને ૩૦ એપ્રિલ સુધી મોકલી આપવાની રહેશે. અરજી સંપૂર્ણ વિગત સાથે મોકલવાની રહેશે. અધુરી વિગતોવાળી અને સમય મર્યાદા બાદ મળેલ અરજી ધ્યાને લેવામાં આવશે નહીં. પસંદગી સમિતિ દ્વારા યોગ્યતા ધરાવતા ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે. અને તેમને જ આ બાબતની જાણ કરવામાં આવશે.

## ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતી નિમિત્તે પુષ્પાંજલી કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧૧

ડૉ. બાબા સાહેબ આંબેડકરની ૧૨૧મી જન્મ જયંતિ નિમિત્તે અનુસૂચિત જાતિ એકતા મંચ દ્વારા ડૉ. આંબેડકરને પુષ્પાજલી અર્પણ કરવાનો કાર્યક્રમ ૧૪ એપ્રિલના રોજ રાખવામાં આવેલ છે. આ કાર્યક્રમ ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા પાસે, સચિવાલય સામે રાખેલ છે. બહુજન સમાજને ઉપસ્થિત રહેવા એકતા મંચના કન્વીનર નારણભાઈ વાઘેલા દ્વારા જણાવવામાં આવ્યું છે.

# પરગજુપણાથી ગ્રાહકોના માનીતા શ્રીનગરનાં પાડોશી દુકાનદારો!!

## સાચવવા પડે એ સંબંધો કદી સાચા નથી હોતા અને જો સંબંધો સાચા હોય તો એને સાચવવા નથી પડતા

ગાંધીનગરનાં સેકટર- ૨૪માં આવેલાં શ્રીનગરનું માર્કેટ એટલે અમદાવાદનાં ઢાલગરવાડ, પાનકોરનાકા, માણેકચોક, કાલુપુરનું અનોખું કોમ્બિનેશન ધરાવતું એક જ જગ્યાએ દરેક વસ્તુઓ મળી રહેતું માર્કેટ છે. રેડિમેડ ગારમેન્ટથી લઈ રિપેરીંગની દુકાનો ભંગારથી લઈ ભગવાનની વસ્તુઓ જે માંગો, ઈચ્છો તે સામાન્ય માણસને પરવડે એવી રેન્જની અગણિત નાની-મોટી દુકાનો અહીંયા આવેલી છે.

યુનિવર્સલ બૅગ હાઉસ, દર્શન વાસણ ભંડાર, નાગછાયા મોબાઈલ અને અંબિકા હેર આર્ટ એ આજ માર્કેટમાં અડીઅડીને આવેલી દુકાનો છે અને એમના માલિકો પાડોશીનો ધર્મ ફરજથી નહી પ્રેમથી નિભાવે છે. મોટાભાગે પાડોશી એટલે ઘરને અડીને આવ્યા હોય એને કહેવાય પણ પોતાના વ્યવસાય માટે દિવસનો મોટો ભાગ દુકાને ખર્ચતા આ દુકાનદારોય એકબીજાનાં પાડોશી જ કહેવાય!!

'સાચવવા પડે એ સંબંધો કદી સાચાં નથી હોતા અને જો સંબંધો સાચા હોય તો એને સાચવવા નથી પડતા.' જેવાં સુવાક્યોના બોર્ડથી શોભતા યુનિવર્સલ બૅગ હાઉસના ભુપેન્દ્રભાઈ અને એમના જીવનસંગીની હર્ષાબેનની જોડી એટલે કાયમ ગ્રાહકોને ઉમળકો અને સંતાષ આપવાનો વણ લખ્યો નિયમ. છેલ્લા ૧૨ વર્ષથી દુકાન ચલાવતાં ભૂપેન્દ્રભાઈ ૧૦ રૂપિયા રીપેરિંગ ચાર્જ લેતાં તે આજે મોઘવારીનું




આવું વિષ ચક્ર ફર્યા બાદ પણ મીનીમન ૧૦ રૂપિયાને વળગી રહ્યા છે. લગૅજ, સ્કૂલ બૅગ, લેડીઝ પર્સ, ટ્રાવેલીંગ બેગનાં રિપેરીંગમાં એમનું નામ લેવાય છે.

**સંબંધ સજાવે જિંદગી**
**પહેલો સગો પાડોશી**
\- સંજય થોરાત
gsrelation@yahoo.com

સ્કૂલબેગનાં અને રિપેરીંગના કારણે પુષ્કળ ઘરાકી ધરાવતાં અને દિવસે ૧૦-૧૨ ઓળખીતા પાળખીતા, મિત્રો કે જરૂરીયાતમંદને માત્ર 'આભાર'ના બદલામાં રિપેરીંગ કરી આપે છે. એમનાં દુકાનમાં કામ કરતાં કારીગર પ્રવિણભાઈ પણ માલિક જેટલાં જ નિષ્ઠાવાન અને પ્રામાણિક છે. બૅગનો ધંધો એટલે કેટલાંય લોકો બૅગમાં રૂપિયા ભૂલી જાય પણ માલિક કે કારીગરે ક્યારેય નિયત બગાડી નથી. એક ઘરાક એનો આખો પગાર ઑફિસ બૅગમાં મૂકી ચેન રીપેર કરવા બૅગ મુકી ગયેલાં અને બૅગ ખોલતાં નોટોના બંડલ જોતાં જ બૅગને સાચવીને અલગ મુકી દીધેલી અને એમનો ઘરાક પણ નિશ્ચિંત હતો કે ભૂપેન્દ્રભાઈને ત્યાં બૅગ છે એટલે રૂપિયાની ચિંતા નહીં.

વાસણની અવનવી વેરાયટી અને ગરીબથી લઈ મધ્યમવર્ગના લોકો માટે વ્યાજબી ભાવે વાસણો વેચતા દર્શન વાસણ ભંડારના યોગેશભાઈ અને રમેશભાઈ શાહ વર્ષોથી દુકાન ચલાવે છે. સ્વભાવ અને ભાવને કારણે ગ્રાહકો આકર્ષાઈને આવે છે. એમના કારીગર અરવિંદભાઈ પર અનન્ય ભરોસાના કારણે દુકાનની ચાવી સોંપીને જાય છે. આમની દુકાનને અડીને આવેલી નાગછાયા મોબાઈલનાં કનુભાઈ દેસાઈ મોબાઈલ રિપેરીંગમાં ખૂપેલા હોય છે. મોબાઈલની નાની - મોટી ખામીઓને સેવાભાવથી રીપેર કરતાં કનુભાઈ આજુબાજુના પાડોશી દુકાનદારોની મદદે હંમેશા હાજર હોય છે.

શ્રીનગરની શરૂઆતથી જ એક રૂપિયે દાઢી અને બે રૂપિયે કટીંગથી ચાલુ કરેલી અંબિકા હેર આર્ટનાં દશરથભાઈના ગ્રાહકો આજે દાદા બની ગયાં છે. અને એમનાં પૌત્રોને લઈ વાળ કપાવવાં આવે છે. એજ એમના ઉમદા અને પ્રેમાળ સ્વભાવની સાબિતી છે. આજે દશરથભાઈની દુકાને આધુનિકરણનાં રૂપ પકડી લેટેસ્ટ હૅરસ્ટાઈલ કરી આપે છે. આ ચારેય દુકાનદારોની સૌથી મોટી મૂડી એમના ગ્રાહકો છે, જે વર્ષોથી સચવાઈ રહ્યા છે.

આ ચારેયમાંથી કોઈપણ દુકાનનો ગ્રાહક જો એ દુકાન બંધ હોય તો એમનું કામ કાલ પર ટાળે છે, પણ અન્ય દુકાને જવાનું ટાળે છે. કોઈપણ દુકાનદાર કામ અર્થે બહાર હોય તો અન્ય દુકાનદાર એમની દુકાનનું કામ અને કાઉન્ટર સાચવી લે છે. દુકાનમાં આવતો માલ ચઢાવવા ઉતારવનાં અરસ પરસનાં વેપારીઓ દોડીને પહોંચે છે. આટલાં વર્ષોનાં સહવાસમાં ક્યાંય કોઈ ખટરાગ- બોલાચાલી નહીં. પોતાના ઘરાકને અરસપરસનાં દુકાનમાંથી એની વસ્તુ લેવાની ભલામણ પણ કરે! આજે આ દુકાનદારોએ એવી એમની છાપ ઉભી કરી છે કે ઘરાક આંખ બંધ કરી એમનાં ત્યાંથી વસ્તુ ખરીદી શકે...

આ અરસ-પરસના પાડોશી દુકાનદારો એકબીજાના સારા-માઠાં પ્રસંગે પરિવારની હૂંફ આપે છે. એકબીજાના વ્હીકલ કે વસ્તુઓ હક્ક થી વાપરે છે. ઘરાકો જોડે એવો તો ઘરોબો કેળવ્યો છે કે ઘરાક એમનાંય પ્રસંગેય આ દુકાનનાં માલિકોને આંમત્રણ પત્રિકા યાદથી લખે છે... આ ચારેય દુકાનદારો પરોપકારવૃત્તિની દાખવી એમનાં ત્યાં આવેલા ઘરાકને કયારેય નારાજ નથી કરતા, પોતે તો એમનાથી થાય એ મદદ કરે કે પૈસા જતાં કરે જ પાડોશીનાં વેપારીનેય એને મદદ કરવા ભલામણ કરે!!

સ્કૂલ બૅગ મેન્યુફેક્ચરીંગ અને રીપેરીંગ કરતાં ભૂપેન્દ્રભાઈની એક સેવાકીય નોંધ લેવા જેવી છે. વેકેશન ખુલતાં જ સ્કૂલબૅગ લેવાં આવતાં કેટલાંક ગ્રાહક એમની જુની સારી કે ખરાબ સ્કૂલ બેગ આમની દુકાને આપે છે, અને આ ભાઈ આ બૅગ જરૂરિયાતમંદોને પહોંચતી કરે છે... ભૂપેન્દ્રભાઈ ગરીબ અને મજૂર બાળકોને આવી બૅગ આપે છે. એવી વાત જાહેર થતાં હવે તો એમને જુની બૅગ આપનારાં વધી ગયાં છે... હર્ષાબેને એક વાર ગરીબ બાળકને જોઉને પૂછ્યું કે તારે કેટલાં ટકા આવ્યાં? એનું રીઝલ્ટ સાંભળી એને બૅગ ભેટ આપી દીધી, આ બાળક અભ્યાસ પછીનાં સમય એનાં મમ્મીનું પ્લાસ્ટીકનાં કચરાં વીણવાનાં કામમાં મદદરૂપ થાય છે!!

સે-૨૪માં આવેલા ઈન્દિરાનગરનાં વિદ્યાર્થીઓ જો સારા માર્કે પાસ થાય તો એમની માર્કશીટ જોઈ એમને બૅગ ભેટ આપવાનું સત્કાર્ય આ દંપતી કરી રહ્યું છે!! માત્ર નોટીસ બોર્ડ પર સુવાક્યોને લખી લોકોની લાગણી જીતવાને બદલે ખરા અર્થમાં મદદરૂપ થનારા આ બૅગ રીપેરીંગના વેપારી કંઈ મોટા લખપતિ નથી!! સે-૨૪ જેવાં વિસ્તારમાં મર્યાદિત આવક ધરાવતાં કસ્ટમર્સને સાચવી સેવાની સુગંધ પ્રસરાવી રહેલાં આ પરગજુ વેપારીઓ સમાજ માટે પ્રેરણારૂપ છે.

# એક તરફ અનાજ-મસાલા ભરવાની મૌસમ ને બીજી તરફ...? જાએ તો જાએ કહાં !!

**ગપસપ**
\- પ્રકાશ લાલા

'પનુભાઈ, એક ઉખાણું પૂછું?' લાલાકાકાએ સવારની ચા અને છાપું અમારે ત્યાં જ પતાવી દેવાના એમના વર્ષો જૂના ક્રમને જાળવી રાખતાં, અમારા ઘરમાં આવી, ઓટલે હિંચકા પર જમાવી દેતાં પ્રશ્ન કર્યો.

'હા...પૂછો!' અમે ના કહીશું તો ય લાલાકાકા જે પૂછવાનું હશે કે કહેવાનું હશે તે કહ્યા વિના છોડશે નહીં એની અનુભવજન્મ ખાતરી હોવાથી અમે પેપરમાંથી ડોકું બહાર કાઢી, 'સરન્ડર' થઈ જતાં કહ્યું...

'તો કહો પનુભાઈ, કે આજકાલ શહેરમાં શેની મોસમ ચાલે છે?' રેડ અંકલે હળવેથી અમારી પાસેથી છાપું એમના કબજામાં લઈ લેતાં ઉખાણું પૂછયું :

'ગરમીની મોસમ, અંકલ..ઉનાળાની ઋતુ!'

'નો પનુભાઈ, રોંગ આન્સર.' લાલાકાકાએ અમને નાપાસ કરતાં કહ્યું : 'બોલો, શેની મોસમ ચાલે છે?'

'હા...હા.. યાદ આવ્યું. અંકલ, અત્યારે બાર માસનું અનાજ ભરવાની અને વર્ષના મસાલા એટલે કે મરચું-હળદર-ધાણાજીરૂ ભરી લેવાની પણ મોસમ પૂરબહારમાં ચાલે છે...ગૃહિણીઓને નવરાશ જ નથી આજકાલ!! ખરું ને અંકલ?'

'એક રીતે રાઈટ...પણ મારા પ્રશ્નના સંદર્ભે હજી રોંગ...' લાલાકાકાએ કહ્યું. અમે માથું ખંજવાળવા માંડ્યું એટલે રેડ અંકલ ઉવાચ : 'પનુભાઈ, મગજ ના ચાલતું હોય તો આપણે બંને ચા પીએ પછી આન્સર આપજો..નો પ્રોબ્લેમ!' આમ કહી લાલાકાકાએ એમને અંદર-રસોડામાં ચાનો ઓર્ડર આપવા આડકતરો ઈશારો કરી દીધો.

એટલે ના છૂટકે અમે બૂમ મારી: 'કહું છું...લાલાકાકા નિયમ મુજબ આવી ગયા છે. મેં એમને આપણું પેપર વાંચવા આપી દીધું છે. તમે એમને ચા પીવડાવો..'

'નો પનુભાઈ! તમે મને છાપું આપ્યું નથી. મેં તમારા હાથમાંથી ખેંચી લીધું છે...રાઈટ? સત્યમ્ વદ..ધર્મમ ચર...' લાલાકાકા હસતાં હસતાં બોલ્યા.

'અમારી કહેવાની રીતથી, દરરોજ સવારે અમારે ત્યાં પધરામણી કરી, ચા પીવાની ને મફતિયા પેપર વાંચી લેવાની પોતાની (કુ)ટેવ પર લાજવાને બદલે એ ગાજયા એટલે બેશરમીની પણ કંઈ હદ હોય...' અમારાથી બબડી જવાયું...

અંકલ અખબારના અહેવાલોમાં એન્ગેજ હતા એટલે અમારી કોમેન્ટ એમના ધ્યાને ન પડી. અમે 'શેની મૌસમ ચાલે છે?'નો ઉત્તર શોધવામાં મગજને કામે લગાડયું. અટલામાં અમારાં શ્રીમતીજી ચા લઈને આવ્યાં. લાલાકાકાએ પેપર પડતું મૂકી, ચા

● અનુસંધાન પાના-૭ પર